GSTIN: 24AAALM0547L1DB
કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઇ-મેઈલ :- info@msbsurat.in
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

કાંસકી વાડ, જુના બસ સ્ટેન્ડ પાસે, ભાગળ,સુરત-૩૯૫૦૦૩

જા.નં.- ૧૨૬૦૨ તા.- ૨૧/૨/૨૪

પ્રતિ,

તમામ આચાર્યશ્રી,

ન.પ્રા.શિ.સમિતિની તથા ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ તમામ. સુરત.

વિષય :- નેશનલ મીન્સ કમ મેરીટ સ્કૉલરશીપ યોજના (NMMS)-૨૦૨૩-૨૪ પરીક્ષાના આવેદનપત્રો ભરવા બાબત.

સંદર્ભ :- મે.સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૪/1296-1380, તા.૨૦/૦૨/૨૦૨૪.

જત ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ચાલુ વર્ષે યોજાનાર NMMS પરીક્ષા-૨૦૨૩-૨૪નું રજીસ્ટ્રેશન **www.sebexam.org** પર તા.૨૦/૦૨/૨૪ થી તા.૨૮/૦૨/૨૪ સુધી ભરાનાર છે. આ પરીક્ષામાં ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ -૮માં સરકારી પ્રાથમિક શાળાઓ, લોકલ બોડી શાળાઓમાં તથા ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં હોય તેવા વિદ્યાર્થીઓ N.M.M.S.ની પરીક્ષા આપી શકે છે. તો ઉક્ત પરીક્ષામાં વધુમાં વધુ બાળકોનું રજીસ્ટ્રેશન થાય તે માટેના પ્રયત્નો કરવા નોંધ લેશો.

સંદર્ભ દર્શિત જાહેરનામા દર્શાવેલ જાતિ તેમજ આવક અંગેના પ્રમાણપત્રો વિદ્યાર્થી વાલીને મેળવવામાં તકલીફ પડી રહેલ છે આવી રજૂઆતો રાજ્ય પરીક્ષા બોર્ડ ખાતે મળેલ છે. તે જોતા નીચે મુજબના ફેરફારોને ધ્યાને લેવા.

- **આવક અંગેના પ્રમાણપત્ર** :- મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, તલાટી કમ મંત્રીશ્રી, સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રી, મ્યુ.કાઉન્સીલરશ્રી, ચીફ ઓફિસરશ્રી તેમજ સરપંચશ્રી પૈકી કોઈપણનો આવક અંગેના પ્રમાણપત્ર માન્ય રહેશે.
- **જાતિ અંગેના પ્રમાણપત્ર**:- મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, કે શાળાના આચાર્યશ્રીનું રજીસ્ટર્ડ (જાવક નંબર તેમજ ફોટા સાથેનું) બોનોફાઇડ માન્ય રહેશે. જેમાં વિદ્યાર્થીની પેટા જાતિનો ઉલ્લેખ કરવાનો રહેશે.
- વિદ્યાર્થી નિયત આવક મર્યાદામાં અને નિયત જાતિની કેટેગરીમાં આવે છે તેની શાળાના આચાર્યશ્રીએ ચકાસણી કરવાની રહેશે.

**ખાસ નોંધ**:- NMMS પરીક્ષામાં ઉત્તીર્ણ થઇ મેરીટમાં સમાવેશ થયેલ વિદ્યાર્થીઓનું સ્કોલરશીપ મેળવવા માટે NSP પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવાનું થાય તે સમયે આવક અને જાતિ અંગે સરકારશ્રી દ્વારા અધિકૃત કરેલ સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર ફરજિયાત છે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ સદર પરીક્ષામાં વધુ માં વધુ વિદ્યાર્થીઓ ભાગ લે અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તક મેળવે અને પ્રતિભાને વિકસાવવાનો અવસર પણ મળે તે હેતુથી પ્રત્યેક શાળાના વધુમાં વધુ વિદ્યાર્થી ભાગ લે તે આવશ્યક છે. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આપણી શાળાના વિદ્યાર્થીઓએ અગ્રતાનું સ્થાનપ્રાપ્ત કરેલ છે. એ આપણા માટે ગૌરવ સમાન છે. ચાલુ વર્ષે આપણા બાળકોને આ સ્પર્ધાત્મક પ્રક્રિયામાં જોડી સવિશેષ તૈયારી કરાવી સફળ બનાવશો. એવી આશા સહ. વધુ અભ્યાસ માટે આ સાથે સામેલ સંદર્ભપત્રનો ઉપયોગ કરવો.

બિડાણ:- સંદર્ભદર્શિત પત્ર.

ઇ.ચા.શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત.

નકલ રવાના :-- (૧) ઇ.ચા.ઉપશાસનાધિકારીશ્રી. ન.પ્રા.શિ.સ, સુરત. જાણ તથા અમલ માટે.
(૨) તમામ નિરીક્ષકો, તમામ URC, અને CRC. જાણ તથા અમલ માટે.

ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૪/7296-7380

રાજય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧, ગાંધીનગર
તા.૨૦/૦૨/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

વિષય: નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ યોજના (NMMS)-૨૦૨૩-૨૪ પરીક્ષાના આવેદનપત્રો ભરવા બાબત.

સંદર્ભ:- અત્રેની કચેરીના તા.૧૪/૦૨/૨૦૨૪ ના જાહેરનામા:ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૪/૧૧૬૮-૧૨૨૮.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ધોરણ-૮માં સરકારી પ્રાથમિક શાળાઓ, લોકલ બોડી શાળાઓમાં (જિલ્લા પંચાયત/ મહાનગરપાલિકા/નગરપાલિકાની શાળા) તથા ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓના N.M.M.S ની પરીક્ષા માટેના આંવેદનપત્રો અત્રેની કચેરીની વેબસાઇટ www.sebexam.org પર તા.૨૦/૦૨/૨૦૨૪ થી તા.૨૮/૦૨/૨૦૨૪ સુધી ભરાનાર છે.

આ પરીક્ષામાં વિદ્યાર્થીઓના વાલીની વાર્ષિક આવકના પ્રમાણપત્ર અને જાતિ અંગેના પ્રમાણપત્ર જાહેરનામા મુજબ સરકારશ્રી દ્વારા અધિકૃત કરેલ સક્ષમ અધિકારીશ્રીનો દાખલો જોડવા અંગે જાહેર કરેલ છે. જાતિ તેમજ આવક અંગેના પ્રમાણપત્રો મેળવવામાં વાલીઓને તકલીફ પડી રહેલ તેવી રજુઆતો રાજય પરીક્ષા બોર્ડ ખાતે મળેલ છે. તે જોતા નીચે મુજબના ફેરફારોને ધ્યાને લેવા વિનંતી છે.

- **આવક અંગેના પ્રમાણપત્ર:-** મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, તલાટી કમ મંત્રીશ્રી, સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રી, મ્યુ.કાઉન્સીલરશ્રી, ચીફ ઓફીસરશ્રી તેમજ સરપંચશ્રી પૈકી કોઇપણનો આવક અંગેના પ્રમાણપત્ર માન્ય રહેશે.
- **જાતિ અંગેના પ્રમાણપત્ર:-** મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી કે શાળાના આચાર્યનું રજીસ્ટર્ડ (જાવક નંબર તેમજ ફોટા સાથેનું) બોનાફાઈડ માન્ય રહેશે. જેમાં વિધાર્થીની પેટા જાતિનો ઉલ્લેખ કરવાનો રહેશે.
- વિધાર્થી નિયત આવક મર્યાદામાં અને નિયત જાતિની કેટેગરીમાં આવે છે તેની શાળાના આચાર્યશ્રીએ ચકાસણી કરવાની રહેશે.

**ખાસ નોંધ:**

નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષમાં ઉત્તિર્ણ થઇ મેરીટમાં સમાવેશ થયેલ વિદ્યાર્થીઓનું સ્કોલરશીપ મેળવવા માટે NSP પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવાનું થાય તે સમયે આવક અને જાતિ અંગે સરકારશ્રી દ્વારા અધિકૃત કરેલ સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર ફરજીયાત છે.

સચિવ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર